

RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 153
Dt.: 13-02-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa

### કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો

# બાંગ્લાદેશની જેમ ભારતને પણ મળશે ઝીરો ટેરિફનો લાભ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ભારતને એક પછી એક રાહતો મળી રહી છે. પહેલા ભારત-અમેરિકા ડીલની ફેક્ટશીટમાં મોટા બદલાવ કરવામાં આવ્યા, જેમાં કેટલીક શરતોમાં છૂટ આપવામાં આવી અને હવે એક દિવસ પછી વધુ છૂટછાટો મળવાની અપેક્ષા જોવા મળી રહી છે. આ સંબંધમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો છે. ગુરુવારે તેમણે કહ્યું કે, ભારતના કાપડ સેક્ટરને વધુ લાભો મળશે, જે અમેરિકા દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવ્યા છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાતચીતમાં મુખ્ય ભૂમિકા ભજવતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે સંકેત આપ્યો કે, બાંગ્લાદેશની જેમ ભારતીય ટેક્સટાઈલ સેક્ટરને અંતિમ કરાર પર હસ્તાક્ષર થયા બાદ શૂન્ય ટેરિફ (Zero US Tariff)ની સુવિધા મળવાની અપેક્ષા છે. તેમના આ નિવેદનથી ભારતીય કાપડ નિકાસકારોને મોટી રાહત મળશે, કારણ કે અમેરિકા-બાંગ્લાદેશ ટ્રેડ ડીલે આ બિઝનેસ સામે મોટા પડકારો ઉભા કર્યા છે. પિયુષ ગોયલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે India-US Trade Dealને લઈ રાજકીય વર્તુળોમાં પણ શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે. નોંધનીય છે કે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે થયેલ આ કરાર ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ સંપૂર્ણ શરણાગતિ છે. હવે પિયુષ ગોયલે તેમના નિવેદનની ટીકા કરતા કહ્યું છે કે, તેમણે સંસદમાં વધુ એક જુઠ્ઠાણું ફેલાવ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભારતની તુલનામાં બાંગ્લાદેશને ટ્રેડ ડીલથી વધુ ફાયદો થયો છે. વાણિજ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે, જે પ્રકારે બાંગ્લાદેશને સુવિધા મળી છે કે જો અમેરિકાથી કાચો માલ ખરીદવામાં આવે અને તેને પ્રોસેસ કરીને કપડાં તૈયાર કરીને નિકાસ કરવામાં આવે, તો તેના પર કોઈ ટેરિફ લાગતો નથી. તેમણે ઉમેર્યું કે, ભારતને પણ આ જ પ્રકારની સુવિધા મળશે.

આ સંબંધમાં વિગતવાર માહિતી આપતા પીયૂષ ગોયલે સ્પષ્ટ કર્યું કે, આ ભાગ ગયા અઠવાડિયે બન્ને દેશો દ્વારા જાહેર કરાયેલા વચગાળાના વેપાર કરારના ફ્રેમવર્કમાં કદાચ સામેલ ન હોઈ શકે, પરંતુ તે અંતિમ કરારમાં ચોક્કસપણે સામેલ હશે. તેમણે કહ્યું કે, હાલમાં અમારો વેપાર કરાર તૈયાર થઈ રહ્યો છે અને જ્યારે આ વચગાળાનો કરાર અંતિમ સ્વરૂપ લેશે, ત્યારે તમને તેની દરેક ઝીણવટભરી વિગતો સમજામાં આવશે. ભારત માટે પીયૂષ ગોયલનું આ નિવેદન અત્યંત મહત્વનું છે, કારણ કે અંતિમ કરારમાં આ જોગવાઈ ઉમેરવાથી ટેક્સટાઈલ સેક્ટરને મોટી રાહત મળશે. નોંધનીય છે કે, અમેરિકા ભારતના કાપડની નિકાસ માટે સૌથી મોટું બજાર છે.

દેશમાંથી નિકાસ થતા કુલ કાપડ અને વસ્ત્રોના શિપમેન્ટનો ૩0% ભાગ અમેરિકા પહોંચે છે. ગયા અઠવાડિયે ભારત અને અમેરિકા વચ્ચેની ડીલ બાદ કાપડ નિકાસકારોમાં ખુશી લહેર જોવા મળી, કારણ કે ટ્રમ્પે ટેરિફ ૫0% થી ઘટાડીને ૧૮% કરી દીધો હતો. જો કે, આ દરમિયાન સમાચાર આવ્યા હતા કે અમેરિકન કપાસમાંથી બનેલા બાંગ્લાદેશી વસ્ત્રો પર ઝીરો ડ્યુટી લાગશે. આનાથી એવી ચિંતા વધી હતી કે, જો બાંગ્લાદેશી કપડાં પર કોઈ ટેક્સ નહીં લાગે, તો ભારતીય કપડાં પર ૧૮% ટેક્સ હોવાને કારણે આપણે સ્પર્ધામાં ટકી શકીશું નહીં.

પિયૂષ ગોયલે વધુમાં જણાવ્યું હતું કે આ કરારનું માળખું હાલમાં તૈયાર થઈ રહ્યું છે અને વચગાળાનો કરાર પૂર્ણ થયા બાદ તેની તમામ શરતો જાહેર કરવામાં આવશે. તેમણે દેશના ખેડૂતોને પણ આશ્વાસન આપ્યું હતું કે આ વેપાર કરારમાંથી ૯૦ થી ૯૫ ટકા કૃષિ ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે, જેથી ભારતીય કૃષિ ક્ષેત્રને કોઈ નુકસાન ન થાય.

સરકારના જણાવ્યા મુજબ, આ પગલાથી ભારતીય નિકાસકારોને નવી તકો મળશે અને સાથે સાથે ખેડૂતોના હિતોનું પણ પૂરતું રક્ષણ થશે. કુલ મળીને, ભારત–અમેરિકા વચ્ચેનો આ ઝીરો-ડ્યુટી સોદો દેશના કાપડ ઉદ્યોગ અને નિકાસ ક્ષેત્ર માટે હકારાત્મક સાબિત થવાની આશા છે.

### કિરેન રિજિજુએ નવો વીડિયો જાહેર કર્યો

# સ્પીકર ઓમ બિરલાના ચેમ્બરમાં થયેલા હોબાળાનો એક વીડિયો જાહેર

## કોંગ્રેસના ૨૦ થી ૨૫ સાંસદો સ્પીકરના ચેમ્બરમાં ઘૂસી ગયા અને સ્પીકરને અપશબ્દો કહ્યા હતા : રિજિજુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ લોકસભા સ્પીકર ઓમ બિરલાના ચેમ્બરમાં થયેલા હોબાળાનો એક વીડિયો જાહેર કરીને રાજકીય રીતે વધારે એક મોરચો ખોલ્યો છે. રિજિજુએ આરોપ લગાવ્યો છે કે, કોંગ્રેસના સાંસદોએ સ્પીકરની ચેમ્બરમાં ગેરકાયદેસર રીતે વીડિયો ક્લિપ બનાવી અને ગરીમા તથા મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના ૪ ફેબ્રુઆરીની હોવાનો અંદાજ છે. રિજિજુના જણાવ્યા અનુસાર, કોંગ્રેસના ૨૦ થી ૨૫ સાંસદો સ્પીકરના ચેમ્બરમાં ઘૂસી ગયા હતા. ત્યાં તેમણે સ્પીકરને અપશબ્દો કહ્યા હતા. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ધમકી પણ આપી હતી. સ્પીકરની ચેમ્બરને ગૃહનો જ એક ભાગ માનવામાં આવે છે, જ્યાં કોઈપણ પ્રકારનું વીડિયો શૂટિંગ કરવું એ નિયમોની વિરુદ્ધ છે.

કિરેન રિજિજુના ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, "જ્યારે આ ઘટના બની ત્યારે હું પણ ત્યાં હાજર હતો. કોંગ્રેસના સાંસદોએ સ્પીકરને અપશબ્દો કહ્યા હતા. ઓમ બિરલા ખૂબ જ સરળ વ્યક્તિ છે, બાકી આ મામલે અત્યંત કડક કાર્યવાહી થઈ શકી હોત."

રિજિજુએ વધુમાં ઉમેર્યું કે, જ્યારે આ હોબાળો થઈ રહ્યો હતો ત્યારે પ્રિયંકા ગાંધી અને કે.સી. વેણુગોપાલ જેવા વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતા અને તેઓ સાંસદોને લડવા માટે ઉશ્કેરી રહ્યા હતા. જે સ્પષ્ટ રીતે લોકશાહીની ગરિમાનું હનન છે. રિજિજુએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, ભાજપ ગૃહમાં ચર્ચા અને સંવાદમાં માને છે, ધમકીઓ કે હોબાળો કરવામાં નહીં.

આ મામલે અત્યારે ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરીને વીડિયો શૂટ કરનારા અને સ્પીકર સાથે ગેરવર્તન કરનારા સાંસદો સામે કડક પગલાં લેવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્પીકરની ચેમ્બરમાં વીડિયો રેકોર્ડિંગ એ સંસદીય શિષ્ટાચારનો ભંગ ગણાય છે. જેના કારણે સંબંધિત સાંસદોનું સભ્યપદ જોખમમાં મુકાઈ શકે છે અથવા તેમને સસ્પેન્ડ પણ કરવામાં આવી શકે છે.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, સ્પિકરને કોઈએ એબ્યુસ કર્યા નથી. એક બે સાંસદ હતા જે કાર્યપ્રણાલીથી વધારે પરેશાન હતા. તેમણે પોતાનો રોષ સ્પિકર સમક્ષ ઠાલવ્યો હતો. હું પાછળથી સાંસદોને ઉશ્કેરી રહી હતી તેવો દાવો સંપુર્ણ પાયાવિહોણો છે. હું ચુપચાપ બેઠી હતી અને આખરે મારી પણ નારાજગી હતી જે મે શાંતિથી સ્પિકરને જણાવી હતી.

### દુનિયાની સૌથી લાંબી નાઈલ નદીમાં બોટ પલટતા ૧૫ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુદાન,

વિશ્વની સૌથી લાંબી નદી એવી નાઈલ નદીમાં ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સુદાનમાં મુસાફરોથી ભરેલી એક હોડી નદીના પ્રચંડ પ્રવાહમાં પલટી જતાં ૧૫ લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અનેક લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સુદાનના ઉત્તરી પ્રાંતમાં બની હતી. હોડીમાં ક્ષમતા કરતા વધુ એટલે કે અંદાજે ૨૭ જેટલા મુસાફરો સવાર હતા. જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો સામેલ હતા. નદીની વચ્ચે પહોંચતા જ હોડીએ અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કિનારે ઉભેલા લોકોએ ચીસાચીસ કરી મૂકી હતી, પરંતુ પાણીનો પ્રવાહ તેજ હોવાથી બચાવ કામગીરીમાં અવરોધ આવ્યો હતો.

'સુદાન ડોક્ટર્સ નેટવર્ક' ના જણાવ્યા અનુસારઃ અત્યાર સુધી ૧૫ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬ લોકોને સ્થાનિકો અને બચાવ દળની મદદથી સુરક્ષિત બચાવી લેવાયા છે.

### સૌથી મોટી ડિફેન્સ ડીલને DACની મંજૂરી

# ૧૧૪ નવા રાફેલ જેટ અને 6 P-81 એરક્રાફ્ટ ખરીદશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતની રક્ષણાત્મક શક્તિને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંરક્ષણ મંત્રાલયે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) ની બેઠકમાં ભારતીય વાયુસેના (IAF) માટે વધારાના ૧૧૪ રાફેલ ફાઈટર જેટની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સોદો અંદાજે રૂ.૩.૨૫ લાખ કરોડનો હોવાનું મનાય છે.

ભારતીય વાયુસેનાને હાલમાં ૪૨ સ્ક્વોડ્રનની જરૂરિયાત સામે માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ કાર્યરત છે. જૂના થઈ રહેલા મિગ-૨૧ (MiG-21) વિમાનોને સેવામાંથી હટાવ્યા બાદ સર્જાયેલી અછતને પૂરવા માટે આધુનિક ફાઈટર જેટ્સની તાતી જરૂરિયાત હતી.

- વર્તમાન સ્થિતિઃ ભારત પાસે અત્યારે ૩૬ રાફેલ જેટ્સ છે, જે અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત છે.

- ચીન-પાકિસ્તાન પડકારઃ લદ્દાખ સ્ટેન્ડઓફ અને સરહદી સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાયુસેનાને વધુ આધુનિક હથિયારોથી સજ્જ કરવું અનિવાર્ય બન્યું છે.

આ સોદાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે મેક ઈન ઈન્ડિયા હેઠળ પૂર્ણ થશે. ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની ભારતની સ્થાનિક પાર્ટનર કંપની સાથે મળીને ભારતમાં જ આ જેટ્સનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટથી ભારતમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે અને અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજી ભારતને મળશે. શરૂઆતના ૧૮ જેટ્સ રેડી-ટુ-ફ્લાય સ્થિતિમાં આવશે, જ્યારે બાકીના ભારતમાં બનાવવામાં આવશે.

શું છે DAC અને આગળની પ્રક્રિયા?


- DAC (ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ) એ સંરક્ષણ ખરીદી માટેની ભારતની સર્વોચ્ચ સમિતિ છે.

- આગામી પગલું: DAC ની મંજૂરી બાદ હવે આ પ્રસ્તાવ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) પાસે જશે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં અંતિમ મહોર મારવામાં આવશે.

- રાજદ્વારી મહત્વઃ આ નિર્ણય ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની આગામી (૧૫-૧૭ ફેબ્રુઆરી) ભારત મુલાકાત પહેલા લેવામાં આવ્યો છે, જે બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો દર્શાવે છે.

ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO.
3010
TATA PLAY
CHENNAL NO.
2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

તમારી બેંક તરફથી કેવાયસી અપડેટ એલર્ટ મળેલ છે?
ચિંતા કરવાની જરૂર નથી – કેવાયસી અપ-ટુ-ડેટ રાખવાથી અબાધિત બેંકિંગ સેવાઓ સુનિશ્ચિત થાય છે.



પોતાના કેવાયસી અપડેટ કરવા એ નૂડલ્સ બનાવવા જેટલું જ સહેલું છે!

કઈ રીતે?

'કેવાયસીમાં ફેરફાર નથી' અથવા 'ફક્ત સરનામામાં ફેરફાર છે' એવા સંજોગમાં, નિમ્નલિખિતમાંથી કોઈપણની સ્વયં-ઘોષણા
- રજિસ્ટર્ડ ઈમેઈલ-આઈડી/મોબાઈલ નંબર
- ઑનલાઈન બૅંકિંગ/મોબાઈલ બૅંકિંગ
- એટીએમ
- બેંકના કારોબાર પ્રતિનિધિ (બીસી)
- પત્ર, વગેરે.

કેવાયસીમાં અન્ય ફેરફાર અપડેટ કરવા ઉપયોગ કરો
- આધાર ઓટીપી આધારિત ઈ- કેવાયસી
- વીડિઓ કેવાયસી (આ સુવિધા હોય ત્યાં)

અથવા

બેંકની શાખામાં અપડેટ કરેલ સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજ (ઓવીડી)ની* નકલ જમા કરાવીને

*ઓવીડી : પાસપોર્ટ/ડ્રાઈવિંગ લાયસન્સ/વોટર આઈડી કાર્ડ/આધાર કાર્ડ/નરેગા જોબ કાર્ડ/ રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર (એનપીઆર) દ્વારા જારી પત્ર

કેવાયસી હવે ઝડપી અને સરળ
ફક્ત બેંક અધિકૃત ચેનલો દ્વારા કેવાયસી અપડેટ કરો.

શું તમે જાણો છો? એક બેંકમાં કેવાયસી અપડેટેડ કરવાથી, સીકેવાયસીઆર દ્વારા તમારી અન્ય તમામ બેંકો/નાણાકીય સંસ્થાનોમાં અપડેટેડ થઈ જાય છે

વધુ જાણકારી માટે મુલાકાત લો https://rbikehtahai.rbi.org.in
પ્રતિભાવ માટે અહીં લખી મોકલો rbikehtahai@rbi.org.in
ક્યૂઆર કોડ સ્કૅન કરો
અધિકૃત વૉટ્સએપ નં. 99990 41935 / 99309 91935




જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

## તંત્રી લેખ......

# RBIએ નવા નિયમો જાહેર કર્યા, લોન લેનારા ગ્રાહકોને રાહત

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ લોન રિકવરી પ્રક્રિયાને લઈને નવા નિયમો જાહેર કર્યા છે. છેલ્લા ઘણા સમયથી રિકવરી એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા અમાનવીય વ્યવહાર અને ગેરકાયદેસર હેરાનગતીની ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી બેંકો, ગ્રામીણ બેંકો, NBFC, અને સહકારી બેંકો સહિતની તમામ નાણાકીય સંસ્થાઓએ રિકવરી માટે માનવીય અભિગમ અપનાવવો પડશે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે, બેંકોએ હવે રિકવરી એજન્ટોની નિમણૂક માટે એક સ્પષ્ટ નીતિ બનાવવી પડશે. આ નીતિમાં એજન્ટોની યોગ્યતા, તેમની ઓળખની તપાસ અને આચારસંહિતાનો સમાવેશ કરવો ફરજીયાત છે. ગ્રાહકો પર કોઈપણ પ્રકારનું અયોગ્ય દબાણ લાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જ્યારે ગ્રાહક કોઈ ફરિયાદ નોંધાવે, ત્યારે જ્યાં સુધી તેનું નિવારણ ન આવે ત્યાં સુધી બેંકે રિકવરીની પ્રક્રિયા અટકાવવી પડશે. જો ગ્રાહકની ફરિયાદ ખોટી હશે તો પ્રક્રિયા ચાલુ રખાશે. આ ઉપરાંત, બેંકોએ પોતાની વેબસાઈટ અને શાખાઓ પર એજન્ટોની અપડેટેડ યાદી પણ જાહેર કરવી પડશે જેથી ગ્રાહકો છેતરાય નહીં.

રિકવરી એજન્ટ પાસે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકિંગ એન્ડ ફાઈનાન્સ (IIBF) નું પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે. નિમણૂક પહેલા એજન્ટની ઓળખની કડક તપાસ કરવી પડશે અને તેમની પાસેથી નીતિઓના પાલન માટે લેખિત સંમતિ લેવી પડશે. જો કોઈ એજન્ટ નિયમ તોડે તો બેંકે તેનો કોન્ટ્રાક્ટ રદ કરવા જેવી દંડાત્મક કાર્યવાહી કરવાની રહેશે. એજન્ટો ગ્રાહકનો સંપર્ક માત્ર સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી જ કરી શકશે. જો ગ્રાહક કોઈ ચોક્કસ સમયે કોલ ન કરવા વિનંતી કરે, તો તેનું સન્માન કરવું પડશે. પરિવારમાં મૃત્યુ, લગ્ન કે તહેવાર જેવા પ્રસંગોએ ગ્રાહકની મુલાકાત લેવા કે કોલ કરવા પર મનાઈ છે. ગ્રાહક સાથે થતી તમામ વાતચીતનું રેકોર્ડિંગ કરવું અનિવાર્ય રહેશે અને ગ્રાહકને તેની જાણ કરવાની રહેશે. એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે ગાળાગાળી, ધમકી કે શારીરિક હિંસાના કોઈપણ કૃત્ય પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર મેસેજ મોકલીને કે ગ્રાહકના પરિવાર અને મિત્રોને પરેશાન કરી શકાશે નહીં. રિકવરી માટે ગ્રાહકની બે વખતની પસંદગીની જગ્યાએ જવું પડશે, જો ન આવે તો ઘર કે કાર્યસ્થળ પર જઈ શકાશે. ગ્રાહકની માત્ર કેટલીક જ વિગતો એજન્ટ સાથે શેર કરી શકાશે, તેની ગુપ્તતા જાળવવી બેંકની જવાબદારી રહેશે. રિકવરી કેસ સોંપતા પહેલા બેંકે ગ્રાહકને લેખિત નોટિસ, SMS કે ઈમેલ દ્વારા એજન્ટની સંપૂર્ણ વિગતો આપવી પડશે.

# વડોદરામાં બેંકના લોકરમાંથી ૩૫ તોલા સોનું ગાયબ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વાઘોડિયા રોડ વિસ્તારમાં બેંકના લોકરમાં મૂકવામાં આવેલું ગ્રાહકનું આશરે ૩૫ તોલા સોનું રહસ્યમય રીતે ગાયબ થઈ જતાં બેંકિંગ આલમમાં ખળભળાટ મચી ગયો છે. શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી કોસ્મોસ કો-ઓપરેટિવ બેંકમાં લોકરની સુરક્ષા રામ ભરોસે હોય તેવી એક અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. બેંકના લોકરમાં મૂકવામાં આવેલું ગ્રાહકનું આશરે ૩૫ તોલા સોનું રહસ્યમય રીતે ગાયબ થઈ જતાં બેંકિંગ આલમમાં ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, નરેન્દ્ર શાહ નામના ગ્રાહકે આ બેંકમાં વર્ષોથી લોકરની સુવિધા લીધેલી છે. તેમના ઘરે બે દિવસ બાદ દીકરીના લગ્ન હોવાથી તેઓ દાગીના લેવા માટે બેંક પહોંચ્યા હતા. જ્યારે તેમણે લોકર ખોલ્યું ત્યારે અંદરથી તમામ દાગીના ગાયબ હોવાનું જણાતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. લોકરમાંથી અંદાજે ૩૫ તોલા સોનાના ઘરેણાંની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. આટલી મોટી રકમના દાગીના ગાયબ થવા છતાં બેંક સત્તાધીશો દ્વારા સંતોષકારક જવાબ આપવાને બદલે મૌન ધારણ કરી લેવામાં આવ્યું છે. બેંક મેનેજમેન્ટ દ્વારા હાલ કોઈ પણ પ્રકારનું સત્તાવાર નિવેદન આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે, જેના કારણે ગ્રાહકોમાં બેંકની વિશ્વસનીયતા સામે રોષ જોવા મળી રહ્યો છે.

### પાણીજન્ય રોગચાળામાં વધારો

# પાણીજન્ય રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગની મોટી કાર્યવાહી

## આરોગ્ય વિભાગની ટીમે કુલ ૯૧ આઈસ ફેક્ટરીઓ અને પાણીના જગ વિતરણ કરતા ધંધાર્થીઓની તપાસ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ,

હાલ રાજકોટમાં મિશ્ર ઋતુના કારણે પાણીજન્ય રોગચાળામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજકોટ શહેરમાં પાણીજન્ય રોગચાળાની શક્યતા અટકાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા પાણી તથા બરફ વિતરણ કરતા એકમો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અન્વયે કુલ ૯૧ પાણીના સેમ્પલની તપાસમાંથી ૫૫ સેમ્પલ અનસેટિસફેક્ટરી હોવાનું જણાતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

શહેરની જાહેર જનતાના આરોગ્ય હિતને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગની ટીમે કુલ ૯૧ આઈસ ફેક્ટરીઓ અને પાણીના જગ વિતરણ કરતા ધંધાર્થીઓની તપાસ કરી હતી. તપાસ દરમિયાન કુલ ૯૧ પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જે તમામને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી માત્ર ૯ સેમ્પલ એક્સેલન્ટ, ૧૧ સેટિસફેક્ટરી, ૧૬ સસ્પીસિયસ અને ચોંકાવનારા રીતે ૫૫ સેમ્પલ અનસેટિસફેક્ટરી હોવાનું પ્રાથમિક રિપોર્ટમાં બહાર આવ્યું છે.આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર MPN કાઉન્ટમાં કોલીફોર્મ કાઉન્ટ પ્રતિ ૧૦૦ ML મુજબ ૦ (શૂન્ય) એક્સેલન્ટ, ૧થી ૩ સેટિસફેક્ટરી, ૪ થી ૯ સસ્પીસિયસ અને ૧૦ કે તેથી વધુ અનસેટિસફેક્ટરી ગણવામાં આવે છે. આ માપદંડ મુજબ આરોગ્ય માટે અયોગ્ય સાબિત થયેલા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કુલ ૯૧માંથી ૫૫ સેમ્પલ અનસેટિસફેક્ટરી હોવાનું પ્રાથમિક રિપોર્ટમાં બહાર આવ્યું છે. સસ્પીસિયસ અને અનસેટિસફેક્ટરી રિઝલ્ટ આવેલા એકમો પૈકી કુલ ૫૩ એકમોને જી.પી.એમ.સી. એક્ટ–૧૯૪૯ની કલમ ૩૭૬(એ) અંતર્ગત સીલ કરવાની મંજૂરી આપવામાં આવી છે. તે અન્વયે હાલ સુધીમાં ૪૭ એકમોને સીલ કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના એકમો સામેની કાર્યવાહી હજુ ચાલુ છે. આટલું જ નહીં આગામી દિવસોમાં પણ સેમ્પલ કલેક્શનની કામગીરી સતત ચાલુ રહેશે. સાથે સાથે તમામ પાણી અને બરફ વિતરકોને કડક સૂચનાઓનું પાલન કરવા સૂચવવામાં આવ્યું છે.

આ અંગે વધુમાં આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે, પાણી અને બરફ વિતરકોને બોરવેલના પાણીનો ત્રણ મહિને રિપોર્ટ, ફિલ્ટર બદલવાની નોંધ, પબ્લિક હેલ્થ લેબોરેટરીનો માસિક રિપોર્ટ, ફૂડ ગ્રેડ જગનો ઉપયોગ, ક્લોરીન ડોઝિંગ પંપ દ્વારા ૩ PPM સુપર ક્લોરીનેશન કરેલું પાણી જ વેચાણ કરવા સહિતની કુલ ૧૩ મહત્વની સૂચનાઓ આપવામાં આવી છે. આ કાર્યવાહીથી શહેરમાં પાણીજન્ય રોગચાળાની શક્યતા ઘટશે અને જાહેર આરોગ્ય સુરક્ષિત રહેશે તેમ આરોગ્ય વિભાગે વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### બાતમીના આધારે વોચ ગોઠવી

# યુપીથી કિશોરીને ભગાડી લાવનાર શખ્સની ધરપકડ

## આરોપી કિશોરીને ઉત્તરપ્રદેશથી લગ્નની લાલચ આપી અથવા અન્ય કોઈ બહાને ભગાડીને સુરત લાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત રેલવે પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બાતમી અને સતર્કતાના આધારે એક પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશથી એક સગીર વયની કિશોરીને લલચાવી-ફોસલાવીને સુરત ભગાડી લાવનારા ઈસમને સુરત રેલવે સ્ટેશન પરિસરમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા કિશોરીને હેમખેમ મુક્ત કરાવી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા સુરત પોલીસને જાણ કરવામાં આવી હતી કે, એક શખ્સ સગીરાને લઈને ટ્રેન મારફતે સુરત તરફ આવી રહ્યો છે. આ મામલે સુરત રેલવે પોલીસની ટીમ દ્વારા પ્લેટફોર્મ અને સ્ટેશન વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન, શંકાસ્પદ હાલતમાં જણાતા એક શખ્સને અટકાવી તેની પૂછપરછ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી તેની સાથે રહેલી કિશોરીને સુરક્ષિત રીતે મુક્ત કરાવવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આરોપી કિશોરીને ઉત્તરપ્રદેશથી લગ્નની લાલચ આપી અથવા અન્ય કોઈ બહાને ભગાડીને સુરત લાવ્યો હતો. સુરત પોલીસ દ્વારા આ અંગે ઉત્તરપ્રદેશ પોલીસ અને કિશોરીના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

હાલમાં સુરત રેલવે પોલીસ દ્વારા આરોપીનો કબજો મેળવી તેની ધરપકડ કરી લેવામાં આવી છે. સગીરાને હાલ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અથવા સેફ કસ્ટડીમાં સોંપવાની તજવીજ ચાલી રહી છે. ઉત્તરપ્રદેશ પોલીસની ટીમ સુરત પહોંચ્યા બાદ આરોપી અને કિશોરીને ત્યાં લઈ જવામાં આવશે. સુરત રેલવે પોલીસની આ ત્વરિત કામગીરીને કારણે એક સગીરાનું જીવન બરબાદ થતા બચી ગયું છે.

### પરિપત્ર રદ કરવા કોંગ્રેસની માગ

# ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓને શ્વાનોનો તાત્કાલિક સર્વે કરવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

ગુજરાતમાં SIRની કામગીરીમાંથી હજુ તો શૈક્ષણિક સ્ટાફ છૂટો થયો નથી ત્યાં તો ફરી એક પરિપત્ર કરી દેવાતા વિવાદનું વંટોળ ઊભું થયું છે. હવે સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રહેલા શ્વાનોનો રિપોર્ટ સોંપવા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં શાળાના કેમ્પસની અંદર અને આસપાસ કેટલા શ્વાન છે તેની વિગતો જણાવવા સૂચન કરવામાં આવ્યું છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે શિક્ષણ નિયામકે પરિપત્ર કરી શિક્ષકોને શ્વાન ગણવાની જવાબદારી આપી છે. જો કે શિક્ષકો કે શાળાના સ્ટાફે શૈક્ષણિક સંસ્થાઓ પૂરતી જ શ્વાનની મર્યાદિત ગણતરી કરવાની છે તેનો પણ સરકાર દ્વારા સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે. આ આદેશ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો જાહેર હિત અરજી ૫/૨૦૨૫ના સંદર્ભમાં આપવામાં આવ્યો છે. જેનો મુખ્ય હેતુ શૈક્ષણિક પરિસરો ઉપરાંત જાહેર સ્થળોને રખડતાં શ્વાનથી સુરક્ષિત રાખવાનો છે.

માત્ર શાળાઓ જ નહીં, પરંતુ હોસ્પિટલો, બસ સ્ટેશનો અને રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળો પર પણ શ્વાનોની સ્થિતિ અંગે સચોટ ડેટા તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સમગ્ર મામલે કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશી સરકાર પર સવાલો ઉઠાવતા કહ્યું કે, શિક્ષકોને શિક્ષણ સિવાય શૌચાલય ગણવા, ભીડ ભેગી કરવા, ચૂંટણીના કામ, SIRની કામગીરી આપવામાં આવી છે, જેના કારણે શિક્ષણ પર ગંભીર અસર પડી છે. હવે શિક્ષકોને પોતાના વિસ્તારમાં શ્વાનની ગણતરી માટે આદેશ કરાયો છે જેથી વર્ગખંડમાં શિક્ષણ આપવાનો સમય મળશે નહીં, શું ગુજરાતમાં શિક્ષકો સિવાય આ કામગીરી માટે કોઈ છે જ નહીં? તાત્કાલિક પરિપત્રને રદ કરી દેવામાં આવે, કારણ કે રાજ્યના શિક્ષકો પાસે શિક્ષણ સિવાય ૬૦ વધારાની કામગીરી છે.

શિક્ષણ મંત્રી પ્રદ્યુમ્ન વાજાએ કોંગ્રેસના સવાલો પર જવાબ આપતા કહ્યું કે, આરોપ કરવોએ એમનો અધિકાર છે અને કામ પણ છે, નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. અને તેમાં સ્પષ્ટ લખેલું છે કે પોતે પોતાની શૈક્ષણિક સંસ્થાઓ એ પૂરતી જ ગણતરી મર્યાદિત છે. તેને કોઈ બહારની જગ્યાએ સર્વે કરવા જવાની જરૂર નથી.

### દુષ્કર્મ આચતા પીડિતા મોતને વહાલું કરવાનો પ્રયાસ કર્યો

# સસરાએ કેફી પીણું પીવડાવી દુષ્કર્મ આચરતા પુત્રવધૂ પહેલા માળેથી કૂદી

## નરાધમ સસરાએ પુત્રવધૂને કેફી દ્રવ્ય મેળવેલી ચોકલેટ ખાવા આપી હતી જે ખાધા બાદ નવપરિણીત મહિલા બેભાન થઈ ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)દાહોદ,

દાહોદ: હાલના કળિયુગી સમયમાં 'સાવધાન ઈન્ડિયા' અને 'ક્રાઈમ પેટ્રોલ' જેવી ક્રાઈમ, થ્રિલર અને સસ્પેન્સ પર આધારિત સિરિયલની કહાનીને પણ ટક્કર આપે તેવો સાચો અને કાળજું કંપાવતો કિસ્સો તાજેતરમાં ગુજરાત-મધ્યપ્રદેશના સરહદી પંથક દાહોદથી સામે આવી રહ્યો છે. જ્યાં મધ્યપ્રદેશમાં પરણેલી દાહોદની પરિણીત દીકરી પર લગ્નના એક મહિનાના જ ટૂંકાગાળામાં તેના કળિયુગી સસરાએ કેફી દ્રવ્ય પીવડાવી દુષ્કર્મ આચરતા આ દીકરીએ મોતને વહાલું કરવાનો પ્રયાસ કર્યો છે. જોકે સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી આ પરિણીતા દીકરી બચી ગઈ છે. પરંતુ આ ચકચારી બનાવની મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારમાં ભારે ખળભળાટ મચ્યો છે અને પોલીસે પણ આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટનાની મળતી વિગતો અનુસાર, દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક પરિવારની દીકરીના એક મહિના અગાઉ ૨૫ જાન્યુઆરીના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ પાસે ઉદેગઢ ગામે લગ્ન થયા હતા. સામાજિક લગ્ન પ્રસંગની વિધિ પત્યા બાદ દીકરીનું પહેલું આણું લગ્નના ત્રીજા દિવસે કરી દીકરીને ઘરે લઈ આવ્યા હતા. ત્યાર બાદ તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ તેના પિતાએ દિલ ઉપર પથ્થર મૂકી હસતા મોઢે પોતાની વ્હાલ સોઈ દીકરીને નવો ઘરસંસાર માંડવા તેના પતિ સાથે વિદાય કરી હતી. ભગવાનથી કામના કરી હતી કે, તેની દીકરી અને તેનો પરિવાર સદાય હસતો રહે ખુશ રહે પરંતુ આગામી ૭૨ કલાકમાં આ દીકરી સાથે શું થવાનું હતું તે કોઈને કલ્પના નહોતી. દાહોદ જિલ્લાથી પોતાના સાસરે ઉદેગઢ ગયા બાદ બીજા દિવસે તેના સસરાની પુત્રવધૂ ઉપર દાનત બગડી હતી અને નવોઢાનો પતિ કોઈક કામ અર્થે બહાર ગયો હતો, તે દરમિયાન ૯ ફેબ્રુઆરીના રોજ નરાધમ સસરાએ પુત્રવધૂને કેફી દ્રવ્ય મેળવેલી ચોકલેટ ખાવા આપી હતી. જે ખાધા બાદ નવપરિણીત મહિલા બેભાન થઈ ગઈ હતી. બાદમાં આ નરાધમ સસરાએ તેની દીકરી સમાન કહેવાથી પુત્રવધૂ જોડે બેભાન અવસ્થામાં દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાના થોડા સમય બાદ પરણીતા ભાનમાં આવતા લઘરવઘર વસ્ત્રો અને ગુપ્તાંગના ભાગેથી રક્તસ્ત્રાવ સાથે પીડા કણસતા તે સંપૂર્ણ રીતે ભાંગી પડી હતી. જેથી સાસરીયા પિતાના દુષ્કૃત્યનો ભોગ બનેલી દીકરીએ જિંદગીભરના પાલક પિતાને કેવી રીતે દુર્ઘટનાનું વર્ણન કરીશ તેવું વિચારી મોતને વહાલું કરવા ઘરના પહેલે માળેથી ભોંય પર ઝંપલાવ્યું હતું. જોકે સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી મહિલા પરણીતા બચી ગઈ છે.બાદમાં આપઘાતનો પ્રયાસ કરનાર આ પરિણીતાને દાહોદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી અને તેના પિતાને જાણ કરતા તેઓ પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ નવ પરણિત મહિલાએ તેના પિતાને સસરાની કાળી કરતૂતની સઘળી હકીકત તૂટક ભાષામાં વર્ણવી હતી. જે જાણતા જ તેના પિતાના પગ તળેથી જમીન ખસી પડી હતી. ઘટના જાણતા જ પિતા ચૌધાર આંસુએ રડવા લાગ્યા હતા અને થોડાક સમય બાદ તેની દીકરીને ન્યાય અપાવીને જપીશ તેવા દૃઢ સંકલ્પ સાથે તેના પિતાએ દાહોદ બી ડિવિઝન પોલીસ પાસે મદદ માંગી હતી.

જ્યાં પિતાની રજૂઆત અને દીકરીની હાલત તથા આપવીતી જાણ્યા બાદ ગંભીર અને સંવેદનશીલ બનેલી પોલીસે તાત્કાલિક ઝીરો નંબરથી ફરિયાદ દાખલ કરી મધ્યપ્રદેશની પોલીસને સમગ્ર મામલે જાણ કરી હતી અને તેમને દાહોદ ખાતે બોલાવ્યા હતા. હાલ સસરાના દુષ્કર્મનો ભોગ બનેલી દાહોદની દીકરી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. તો બીજી તરફ દીકરી સમાન પુત્રવધૂ પર વાસના સંતોષ્યા ઘટના બાદ આરોપી નરાધમ સસરો ફરાર થઈ ગયો હોવાની માહિતી હાલ સામે આવી રહી છે. ત્યારે આ મામલે દાહોદ પોલીસે એમપી પોલીસને જાણ કર્યા બાદ હવે એમપી પોલીસ આ મામલે તપાસ હાથ ધરી આરોપી સસરાને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુ કરપડાના શબ્દો કોઈ સ્ક્રીપ્ટમાંથી આવતા હતા એવી શંકા છે: ગોપાલ ઈટાલીયા

અમદાવાદ,

રાજુ કરપડા પર લાગેલા કેસ મામલે ખુલાસો કરતા આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ રાજીનામું આપ્યું છે. આજે એમનો આભાર માનતા સાથે ખેદ વ્યક્ત કરવો છે કે આજે જ્યારે રાજુભાઈ આમ આદમી પાર્ટી સાથે નથી, એ વાતનું દુઃખ તો છે જ. પરંતુ એના કરતાં પણ હજાર ગણું વધુ દુઃખ આજે રાજુભાઈનો ચહેરો અને શબ્દો જોઈને મને થયું છે. મેં રાજુભાઈને હંમેશા મારી બાજુમાં બેસીને બોલતા સાંભળ્યા છે. માઈક પર, મંચ પર અમે એકસાથે બેઠા હોઈએ અને બોલતા હોઈએ. એમના અવાજમાં ગર્જના હતી. એમના ચહેરા પર કાયદેસરનું એક જનૂન અને એક આક્રોશ હતો, લોકો માટે લડવાનુ. જ્યારે તેઓ બોલતા ત્યારે સાંભળનાર લોકોના હૃદય સુધી વાત પહોંચતી. શ્રોતાઓના હૃદય સુધી વાત પહોંચતી. પરંતુ આજે તેઓ જે બોલતા હતા એ શબ્દો એમના હૃદયમાંથી નહીં, સ્ક્રિપ્ટમાંથી આવતા હોય એ પ્રકારના શબ્દો હતા. એ શબ્દોમાં કોઈ દમ નહોતો, વજન નહોતું, તાકાત નહોતી. જ્યારે તેઓ અમારી સાથે હતા, આમ આદમી પાર્ટી સાથે હતા, ત્યારે જે બોલતા હતા એ શબ્દોમાં તાકાત હતી. આજે એમના ચહેરા પર નૂર નહોતો. આજે એમના ચહેરા પર એક ગ્લાનીનો ભાવ હતો.જાણે, કંઈ ખોટું કરી રહ્યા હોય, ન કરવાનું કરી રહ્યા હોય એવો ભાવ હતો.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજુભાઈએ અનેક રાજકીય પ્રકારના આરોપો, આક્ષેપો અમારી પાર્ટી પર કર્યા. કડદા કાંડને લઈને બનેલી ઘટનાઓ પર બધું જ કહ્યું. પરંતુ એમણે એક વાત ગુજરાતની જનતાથી છુપાવી, જે વાત હું તમારા સુધી મૂકવા માગું છું કે રાજુભાઈએ આવું પગલું કેમ ભરવું પડ્યું? કારણ કે એમના ઉપર કુલ ત્રણ કેસો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં એફિડેવિટમાં એમણે ત્રણ કેસોનો ઉલ્લેખ કર્યો છે. એક કેસ કલમ ૩૨૬નો એટલે કે ટાંડિયા તોડી નાખવાનો કેસ, હાથપગ તોડી નાખવાનો કેસ. બીજા બે કેસ જાનથી મારી નાખવાની કોશિશ (કલમ ૩૦૭) ના. જે ટાંડિયા તોડવાનો કેસ છે, એ કેસમાં એમને ૨૦૨૨ની ચૂંટણી પછી પાંચ વર્ષની સજા થઈ ચૂકી છે. જ્યારે એ સજા પડી ત્યારે પાર્ટીમાં ચર્ચા થઈ. રાજુભાઈ ખૂબ ડરતા હતા હવે શું થશે? ત્યારે અમે બધાએ કહ્યું કે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કોર્ટમાં કાયદેસર લડશું અને આગળ વધશું. બાકી બે ૩૦૭ના કેસોમાં આજે સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટમાં તારીખ હતી, ૧૨મી ફેબ્રુઆરી. ફાઈનલ દલીલ. આખરી નિર્ણય. કેસ નં. ૪૩/૨૦૧૮ અને ૪૪/૨૦૧૮. આ કેસમાં રાજુ કરપડા સહિત પાંચ આરોપીઓ હતા. આજે આખરી નિર્ણય લેવાનો હતો. ભાજપ તરફથી એમના ઉપર દબાણ કરવામાં આવ્યું કે જો ૧૨મી તારીખે પ્રેસ કૉન્ફરન્સ કરીને સ્ક્રિપ્ટ પ્રમાણેના આરોપ નહીં લગાવવામાં આવે તો કોર્ટમાં કંઈ પણ થઈ શકે છે. બંને કેસ અલગ છે, પરંતુ બંનેમાં એક જ દિવસે ફાઈનલ હિયરિંગ. એટલે લાચારીમાં, મજબૂરીમાં, ડરના કારણે એમણે આ પગલું ભર્યું.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજુભાઈએ કહ્યું કે પાર્ટી તરફથી લીગલ સપોર્ટ મળ્યો નહીં. જ્યારે હકીકત એ છે કે હાઈકોર્ટ ટીમમાંથી ઓમભાઈ કોટવાલ, મેહુલભાઈ શ્રીમાળી, પ્રણવભાઈ ઠક્કર જોડાયા. સ્થાનિક ટીમમાંથી એડવોકેટ વિરડા સાહેબ, એડવોકેટ પારસ બાવળીયા જોડાયા. સુપ્રીમ કોર્ટના સિનિયર કાઉન્સેલ એડવોકેટ રજત ભારદ્વાજ, એડવોકેટ વિક્રમ ચૌધરી, એડવોકેટ વિજય દલાલ, રૂબરૂ અને વિડિયો કૉન્ફરન્સથી હાજર રહ્યા. રાજુભાઈના સૂચન મુજબ અન્ય એક એડવોકેટ હૃદય બુચને પણ હાયર કરવામાં આવ્યા. ઉપરાંત એડવોકેટ સાવન પટેલ સહિત અનેક વકીલો જોડાયા હતા. લીગલ લડતમાં મર્યાદાઓ હોય છે. પોલીસ એફિડેવિટ ન આપે તો સુનાવણી અટકે. સરકારી વકીલ ગેરહાજર રહે તો તારીખ પડે. જજ રજા પર હોય તો કાર્યવાહી અટકે.

એ વાત રાજુભાઈ જાણતા હતા. જેલમાં માત્ર રાજુભાઈ નહોતા. અમારા પ્રદેશ અધ્યક્ષ સહિત દસ નેતાઓ હતા. દસમાંથી નવને કોઈ ફરિયાદ નથી. માત્ર રાજુભાઈને જ છે. કારણ શું? કારણ કે આજે સુરેન્દ્રનગર કોર્ટમાં ફાઈનલ દલીલ હતી. રાજુભાઈ અને પ્રવીણ રામને એક જ દિવસે જામીન મળ્યા. પરંતુ રાજુભાઈને રાત્રે લગભગ ૧૦ વાગ્યે જેલમાંથી બહાર કાઢવામાં આવ્યા. પ્રવીણ રામ બીજા દિવસે બપોરે બહાર આવ્યા. સામાન્ય રીતે સાંજે છ પછી કોઈ કેદીને બહાર છોડતા નથી. તો આ વિશેષતા કેમ?

અમે રાજુભાઈના સમર્થનમાં સુરેન્દ્રનગર, ખંભાળિયા, તાલાળા, વ્યારા, આંકલાવ, પાલનપુર, અમરેલી અને રામપર સહિત આઠ મહાપંચાયતો કરી. પાર્ટીએ કરોડોનો ખર્ચ કર્યો. સ્ટેજ, માઈક, મંડપ, ચા-નાસ્તો, પ્રચાર. અરવિંદ કેજરીવાલે સુરેન્દ્રનગરમાં વિશાળ જનસભા કરી. જેલમાં મળવા પ્રયત્નો કર્યા પરંતુ મળવા દીધા નહીં. આખી ઘટનાનો સાર એટલો જ છે રાજકીય કિચડ ઉછાળવો એ સહેલું છે. રાજુ કરપડાએ ગાંધીનગરમાં ગૃહમંત્રી સાથે ગુપ્ત બેઠક કરી હતી. ભાજપનો હાથો બનીને ગુજરાતના ખેડૂતોના નિસાસા લેવાનું કામ કર્યું છે. ગુજરાતના ખેડૂતોના મનમાં આશા જાગી હતી અને તેવા સમયમાં રાજુ કરપડાએ જે પાપ કર્યું છે યોગ્ય નથી. જો આજે રાજુભાઈ પ્રેસ કોન્ફરન્સ કરીને છછ પર આરોપ ન લગાવતા તો કોર્ટમાં એમને મોટી સજા થવાની સંભાવના હતી. રાજુ કરપડાને જેલમાં ક્યાઁજી મળ્યા અને શું ચર્ચા થઈ તેની પાક્કી વિગત મારી પાસે છે. પરંતુ જેલમાં ન જવું પડે એટલા માટે ગુજરાતના કરોડો લોકોના સપનાઓ તોડવા એ મોટું પાપ છે. મને રાજુભાઈ પ્રત્યે કોઈ નારાજગી નથી. પરંતુ દુઃખ એ વાતનું છે કે જેલના ડરથી ખેડૂતોના આંદોલનની બલિ ચઢાવી. મારી વિનંતી છે જો કેસોની કોઈ ડીલ થઈ હોય, તો માત્ર પોતાના બે કેસ નહીં, પરંતુ ખેડૂત આંદોલન સાથે જોડાયેલા નિર્દોષ ખેડૂતોના કેસ પણ પાછા ખેંચાવા પ્રયત્ન કરો.

# કલાલ દરવાજા પાસે પ્લાસ્ટિકની થેલીમાંથી ત્યજી દેવાયેલું ભ્રૂણ મળી આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના ગોધરામાં એક અત્યંત અમાનવીય ઘટના સામે આવી છે. શહેરના ભરચક વિસ્તાર ગણાતા કલાલ દરવાજા નજીક એક પ્લાસ્ટિકની થેલીમાંથી ભ્રૂણ મળી આવ્યું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક ગોધરા પોલીસને જાણ કરવામાં આવી હતી.

ગોધરાના કલાલ દરવાજા વિસ્તારમાં આવેલી એક ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ હાલતમાં એક પ્લાસ્ટિકની થેલી પડી હતી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ૧૦ મહિના રહીને હવે બનેવી સાથે ભાગી

# સાસુએ પહેલા જમાઈને ફસાવ્યો અને હવે બનેવી સાથે થઈ રફુચક્કર

## રાહુલે એવો પણ આરોપ લગાવ્યો કે આ મહિલા ઘરમાંથી કેશ અને દાગીના લઈને ભાગી ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ,

લો કરી લો વાત. લગભગ ૧૦ મહિના પહેલા એવા સમાચાર જ્યારે આવ્યા હતા કે એક સાસુ તેના ભાવિ જમાઈ સાથે ભાગી ગઈ ત્યારે યુપીની સાથે સાથે સમગ્ર દેશમાં ચકચાર મચી ગઈ હતી. આ મામલો ખુબ જ ચર્ચામાં આવી ગયો હતો. પરંતુ હવે આ કેસમાં ૩૬૦ ડિગ્રી જેટલો મોટો વળાંક આવ્યો છે. કારણ કે હવે એવા સમાચાર છે કે દીકરીના હક પર તરાપ મારી ચૂકેલી આ મહિલાએ હવે તેની બહેનના હક પર તરાપ મારી છે. એટલે કે તેના બનેવી સાથે ભાગી ગઈ છે. જાણો શું છે સમગ્ર વિગતો.

ઉત્તર પ્રદેશના અલીગઢમાં લગભગ ૧૦ મહિના પહેલા આ મહિલા તેના ઘરમાં દીકરીના લગ્નની તૈયારીઓ ચાલતી હતી અને અચાનક તેના ભાવિ જમાઈ સાથે જ ભાગી ગઈ હતી. ભાગીને બંને બિહારના સીતામઢીમાં રહેતા હતાં જ્યાં જમાઈ રાહુલ કપડાંનો વેપાર કરતો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ કેસમાં નવો વળાંક એ આવ્યો છે કે રાહુલે પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ નોંધાવી છે કે આ સાસુ હવે તેના બનેવીની સાથે ભાગી ગઈ છે. તેની સાથે બે લાખ રૂપિયા અને દાગીના લઈને પણ જતી રહી છે. અલીગઢના મડરાક વિસ્તારમાં એક ગામમાં રહેતી મહિલા એપ્રિલ ૨૦૨૫માં તેના ભાવિ જમાઈ રાહુલ સાથે ભાગી ગઈ હતી. થોડા દિવસો બાદ તે પોતે જ પાછી ફરી હતી અને રાહુલ સાથે રહેવા માટે મક્કમ હતી. કાઉન્સિલિંગ બાદ પોલીસે બંનેને સાથે રહેવાની મંજૂરી પણ આપી દીધી હતી.

મહિલાની દીકરીના ૧૬ એપ્રિલે લગ્ન હતા. ઘરમાં લગ્નનો માહોલ હતો, તૈયારીઓ થઈ રહી હતી અને સગાવ્હાલાઓની અવરજવર ચાલુ હતી. પરંતુ લગ્નના ૧૨ દિવસ પહેલા જ એવું થયું કે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય. જે યુવક સાથે દીકરીના લગ્ન થવાના હતા તેની સાથે જ માતા ભાગી ગઈ. આરોપ એવો પણ હતો કે તે ઘરમાંથી લાખો રૂપિયા અને દાગીના તથા કેશ લઈને ભાગી ગઈ. પરિવારનો દાવો હતો કે લગભગ પાંચ લાખ રૂપિયાના દાગીના અને સાડા ત્રણ લાખ રૂપિયા કેશ ગાયબ હતા. દીકરીએ તો મીડિયા સામે કહી દીધુ હતુ કે માતા ઘરમાં દસ રૂપિયા પણ રાખીને ગઈ નથી.

પરિવારના જણાવ્યાં મુજબ રાહુલેને મહિલાએ સ્માર્ટફોન અપાવ્યો હતો.

ધીરે ધીરે ફોન પર વાતચીત વધી કલાકો વાત થતી. મહિલાના પતિએ તો એવો પણ આરોપ લગાવ્યો કે તે જ્યારે લગ્નની તૈયારીઓ મામલે ઘરે આવ્યો ત્યારે તેને ખબર પડી કે પત્ની અને રાહુલ વચ્ચે ૧૫-૨૦ કલાક ફોન પર વાત થાય છે. પહેલા તેને સામાન્ય લાગી પરંતુ પછી શક થવા લાગ્યો હતો.

લગભગ દસ મહિના બંને બિહારમાં સાથે રહ્યા બાદ આ પ્રેમકથામાં નવો વળાંકઆવ્યો છે. સ્થાનિક સૂત્રો મુજબ તેઓ પતિ પત્નીની જેમ જ રહેતા હતા. પરંતુ હાલમાં રાહુલે આરોપ લગાવ્યો કે મહિલા તેને છોડીને તેના જીજા સાથે જતી રહી છે. રાહુલનું કહેવું છે કે જતી વખતેતે બે લાખ રૂપિયા કેશ અને કેટલાક દાગીના પણ લેતી ગઈ છે.

રાહુલે કહ્યું કે મે તેના માટે મારું ઘર છોડ્યું, સમાજની વાતો સાંભળી અને હવે તે મને છોડીને જતી રહી. રાહુલના જણાવ્યાં મુજબ મહિલા અનેક દિવસોથી દીકરી, બહેન અને બનેવીના સંપર્કમાં હતી. તેની બહેને તેને ધમકી આપી હતી, પરંતુ બાદમાં વાતચીતથી મામલો ઉકેલાયો હતો.

છ ફેબ્રુઆરીએ જ્યારે રાહુલ કામ પર ગયો તો ત્યારે તેનો બનેવી ઘરે આવ્યો અને મહિલાને ફોસલાવીને તેની સાથે લઈ ગયો. મહિલા તેની સાથે કેશઅને દાગીના લઈ ગઈ એવો પણ આરોપ છે.

રાહુલ અલીગઢ પહોંચ્યો અને પોલીસ સ્ટેશન દાદોમાં ફરિયાદ નોંધાવવાની કોશિશ કરી. પરંતુ પોલીસે અધિકારક્ષેત્રનો હવાલો આપતા કહ્યું કે આ મામલો બિહારમાં ઘટ્યો છે. આથી ત્યાંની પોલીસ કાર્યવાહી કરશે. હવે રાહુલ બિહાર જઈને ફરિયાદ નોંધાવવાની તૈયારીમાં છે.

મીડિયા રિપોર્ટ મુજબ મહિલાને બે સંતાન છે. એક દીકરીના લગ્ન થવાના હતા અને પુત્ર પણ છે.

એવું કહેવાય છે કે ભાવિ જમાઈ સાથે ભાગી જનારી મહિલાના પતિએ પણ પછી તો બીજા લગ્ન કરી લીધા. ગ્રામીણોના જણાવ્યાં મુજબ તેણે ૧૫ દિવસ પહેલા જ બીજા લગ્ન કર્યા છે.

### મેન્ડિસ-રત્નાયકે લડખડાયેલી શ્રીલંકન ટીમને ઉગારી

# શ્રીલંકા સતત બીજી મેચ જીત્યું, દાસુન શનાકાએ રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી

## ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલ્લેકેલે,

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ૧૯ વર્ષ બાદ એવો રેકોર્ડ નોંધાયો છે, જેમાં શ્રીલંકાએ સૌથી મોટા માર્જીન રનથી જીત મેળવી છે. આ ઐતિહાસિક મેચમાં કેપ્ટન દાસુન શનાકાએ વિસ્ફોટક બેટિંગ કરીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે, સાથે જ શનાકાએ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.




પાલ્લેકેલે ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઓમાને ટોસ જીતીને શ્રીલંકાને પ્રથમ બેટિંગ આપી હતી. શ્રીલંકાની શરૂઆત નબળી રહી હતી અને ટીમે ૪૨ રનમાં જ કામિલ મિશારા અને પાથુમ નિસાંકાની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ કુસલ મેન્ડિસ અને પવન રત્નાયકેએ બાજી સંભાળી હતી અને ત્રીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રન અને પવન રત્નાયકેએ ૨૮ બોલમાં ૬૦ રનની આક્રમક ઈનિંગ રમી હતી.

ત્યારબાદ મેદાન પર આવેલા કેપ્ટન દાસુન શનાકાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧૯ બોલમાં પાંચ સિક્સ અને બે ફોર સાથે પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે મેન્ડિસ સાથે ચોથી વિકેટ માટે ૬૩ રનની ભાગીદારી કરી હતી. શનાકાની આ ઈનિંગના દમ પર શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૨૨૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જે આ વર્લ્ડ કપનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે.

૨૨૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓમાનની ટીમ શ્રીલંકાના બોલરો સામે લાચાર દેખાઈ હતી. ઓમાનની ટીમે પાવરપ્લેની પ્રથમ ૬ ઓવરમાં જ ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ટીમ તરફથી એકમાત્ર મોહમ્મદ નદીમે ૫૩ રન બનાવીને સંઘર્ષ કર્યો હતો અને આખી ટીમ ૧૨૦ રન પર સમેટાઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી દુષ્મંતા ચમીરા અને મહીશ તીક્ષણાએ ૨-૨ વિકેટ ઝડપી હતી, જ્યારે વેલાલાગે, હેમંથા અને કામિન્દુ મેન્ડિસને ૧-૧ સફળતા મળી હતી. કેપ્ટન શનાકાએ માત્ર ૧૯ બોલમાં અડધી સદી ફટકારીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે. રોહિત શર્માએ ૨૦૨૪ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સામે ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી, જે ટી૨૦ વર્લ્ડ કપમાં કોઈ પણ કેપ્ટન દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી અડધી સદી છે. આ ઉપરાંત, શનાકા હવે શ્રીલંકા માટે ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે.

શ્રીલંકાએ ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં બીજી વખત ૧૦૦થી વધુ રનના અંતરથી મેચ જીતી છે. આ અગાઉ ૨૦૦૭માં કેન્યા સામે શ્રીલંકાએ ૧૭૨ રને જીત મેળવી હતી. નોંધનીય છે કે ભારત અત્યાર સુધી ટી૨૦ વર્લ્ડ કપમાં ક્યારેય ૧૦૦ કે તેથી વધુ રનના અંતરથી જીત્યું નથી.

શ્રીલંકાએ બનાવેલો ૨૨૫ રનનો સ્કોર ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસનો ચોથો સૌથી મોટો સ્કોર છે. આ સાથે જ આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાએ કેનેડા સામે બનાવેલા ૨૧૩ રનના રેકોર્ડને તોડીને શ્રીલંકાએ આ વર્ષનો સર્વોચ્ચ સ્કોર પોતાના નામે કર્યો છે. ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ૨૬૦ રન બનાવવાનો રેકોર્ડ પણ શ્રીલંકાના નામે જ છે.

# ICCએ મોહમ્મદ નબીને તેની એક ભૂલની સજા ફટકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ,

ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં અફઘાનિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ D મેચ ડબલ સુપર ઓવરમાં ગઈ, જેમાં આફ્રિકન ટીમનો વિજય થયો. આ હારે અફઘાન ટીમને T20 વર્લ્ડ કપ ગ્રુપ સ્ટેજમાંથી બહાર થવાને આરે લાવી દીધી છે.

અફઘાનિસ્તાને હવે તેની બાકીની બંને ગ્રુપ મેચ જીતવી પડશે અને આ ગ્રુપની અન્ય મેચોના પરિણામો પણ તેના પક્ષમાં આવશે તો જ ફાયદો થશે. દક્ષિણ આફ્રિકા સામેની હાર બાદ ICCએ પૂર્વ અફઘાન કેપ્ટન અને અનુભવી ઓલરાઉન્ડર મોહમ્મદ નબી સામે કાર્યવાહી કરી છે.

ICCએ મોહમ્મદ નબીને મેચ રેફરીની સૂચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ ભારે દંડ ફટકાર્યો છે. આ ઘટના અફઘાનિસ્તાનની ઈનિંગની ૧૪મી ઓવરની શરૂઆતમાં બની હતી. દક્ષિણ આફ્રિકાના બોલર લુંગી ન્ગીડી દ્વારા પહેરવામાં આવેલા કાંડા પરના પટ્ટાને લઈને નબી અને મેદાન પરના અમ્પાયરો વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. અમ્પાયરની સૂચનાઓને અવગણવી અને દલીલને લંબાવવી એ ઝઝ નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવે છે.

બુધવારે અમદાવાદમાં રમાયેલી ગ્રુપ-ડી મેચ દરમિયાન ICCએ મોહમ્મદ નબીને લેવલ-૧ના ગુના માટે દોષિત ઠેરવ્યો છે. નબીએ ICC આચારસંહિતાની કલમ ૨.૪નું ઉલ્લંઘન કર્યું છે, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન અમ્પાયરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવા સાથે સંબંધિત છે. આ ઉલ્લંઘનને કારણે નબીને તેની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.મોહમ્મદ નબીએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે અને અમીરાત ICC ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરીઝના ડેવિડ ગિલ્બર્ટ દ્વારા ફટકારેલ દંડનો વિરોધ કર્યા વિના સ્વીકાર કરી લીધો છે. ખેલાડીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કર્યો હોવાથી કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર નહોતી અને મેચ રેફરીના નિર્ણયને અંતિમ માનવામાં આવ્યો હતો. ICCના નિયમો અનુસાર, લેવલ ૧ના ભંગ માટે દંડ સત્તાવાર ઠપકાથી લઈને મેચ ફીના ૫૦ ટકાના મહત્તમ દંડ અને એક કે બે ડિમેરિટ પોઈન્ટ ઉમેરવા સુધીનો છે. નબીના કિસ્સામાં તેની મેચ ફી કાપવાનો નિર્ણય તેના વર્તનને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો.

# તૂર્કિયેની સંસદમાં સાંસદો વચ્ચે છૂટ્ટા હાથની મારામારી

(સંપૂર્ણ સમાચાર સેવા)તૂર્કિયે,

તૂર્કિયેની સંસદમાં બુધવાર, ૧૧ ફેબ્રુઆરીના રોજ ભારે હોબાળો મચી ગયો. જ્યારે કેબિનેટ ફેરબદલ દરમિયાન ન્યાય મંત્રાલયમાં એક વિવાદાસ્પદ ચહેરાની નિમણૂક અંગે સત્તાધારી પક્ષ અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા. અહીં માનનીય સાંસદોએ પોતાની ગરીમાને લજવે તેવું કૃત્ય કર્યું હતું. સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયેલા વીડિયોમાં બંને પક્ષના સાંસદો એકબીજા પર મુક્કા અને લાતોનો વરસાદ કર્યો હતો. નોંધનીય બાબત એ હતી કે આ હિંસામાં માત્ર થોડા સાંસદો નહીં, પરંતુ ડઝનબંધ સાંસદોનું ટોળું સામેલ હતું. વિપક્ષી સાંસદોએ ઈસ્તંબુલના મુખ્ય પ્રોસિક્યુટર (મુખ્ય અભિયોજક) અકિન ગુરલેકને સંસદમાં નવા ન્યાય મંત્રી તરીકે શપથ લેતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. અકિન ગુરલેકને તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન દ્વારા નવા ન્યાય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ બાબતે ગુસ્સો વધતો ગયો અને વાત હિંસા સુધી પહોંચી ગઈ. સાંસદો એકબીજાને ધક્કા મારતા અને મુક્કાબાજી કરતા જોવા મળ્યા હતા. ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર તરીકે ગુરલેકે મુખ્ય વિરોધ પક્ષ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના અનેક સભ્યો વિરુદ્ધ હાઈ-પ્રોફાઈલ ટ્રાયલ (કેસ)ની અધ્યક્ષતા કરી હતી. તૂર્કિયેના વિપક્ષ દ્વારા આ ટ્રાયલ્સને રાજનીતિ પ્રેરિત ગણાવવામાં આવે છે. હવે એ જ અકિન ગુરલેક ન્યાય મંત્રી તરીકે શપથ લઈ રહ્યા હતા, જેના કારણે વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. રાષ્ટ્રપતિ એર્દોગને પૂર્વી પ્રાંત એર્ઝુરમના ગવર્નર મુસ્તફા સિફ્ટસીને આંતરિક મંત્રી તરીકે પણ નિમણૂક કરી છે. ઉલ્લેખનીય છે કે વિપક્ષી પાર્ટી, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના નિયંત્રણ હેઠળની નગરપાલિકાઓના સેંકડો અધિકારીઓની ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ કરવામાં આવી છે. તેમાં ઈસ્તંબુલના મેયર એકરેમ ઈમામોગ્લુ પણ સામેલ હતા. જેમને એર્દોગનના મુખ્ય હરીફ તરીકે જોવામાં આવે છે અને તેમની ગયા વર્ષે ધરપકડ કરવામાં આવી હતી. જોકે, સરકારનું કહેવું છે કે ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કામ કરે છે. મંત્રાલયમાં અત્યારે ફેરફાર કેમ કરવામાં આવી રહ્યા છે, તેનું કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું નથી. જોકે, સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર ગેઝેટમાં જણાવવામાં આવ્યું હતું કે, વર્તમાન મંત્રીઓએ તેમની ફરજોમાંથી "મુક્ત થવાની વિનંતી" કરી હતી. તૂર્કિયેમાં આ નવી અને વિવાદાસ્પદ નિમણૂકો એવા સમયે થઈ છે જ્યારે દેશ સંભવિત બંધારણીય સુધારાઓ પર ચર્ચા કરી રહ્યો છે અને દાયકાઓ જૂના સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટી (PKK) સાથે શાંતિ પહેલ કરી રહ્યો છે.

# ઈટાલીએ ICC T20 વર્લ્ડ કપ પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ઈટાલીએ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો છે. ઈટાલી પહેલીવાર ICC ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યું છે. આ ઈટાલી માટે ઐતિહાસિક જીત છે. ઈટાલી ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચમાં સ્કોટલેન્ડ સામે હારી ગયું હતું. મોસ્કા બ્રધર્સે નેપાળ સામે ઈટાલીની જીતમાં શાનદાર ભૂમિકા ભજવી હતી. ઈટાલી અને નેપાળ વચ્ચેની આ મેચ મુંબઈના વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી.

મેચમાં ઈટાલીએ ટોસ જીતીને નેપાળને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું. પ્રથમ બેટિંગ કરતા, નેપાળ ૧૯.૩ ઓવરમાં ૧૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું. જવાબમાં, ઈટાલીએ ધમાકેદાર પ્રદર્શન કરીને માત્ર ૧૨.૪ ઓવરમાં ૧૨૪ રન બનાવીને મેચ જીતી લીધી.

લક્ષ્યનો પીછો કરતા મોસ્કા બ્રધર્સે ઈટાલી માટે શાનદાર શરૂઆત કરી. સાથે મળીને તેઓએ પાવર પ્લેના પહેલા ચાર ઓવરમાં ટીમનો સ્કોર ૫૦ સુધી પહોંચાડ્યો. પાવર પ્લે સમાપ્ત થયા પછી તેઓએ બુદ્ધિપૂર્વક બેટિંગ કરી અને વિકેટ જાળવી રાખી.

આમ, મોસ્કા બ્રધર્સે ધીમે ધીમે ઈટાલીને વિજયની નજીક પહોંચાડ્યું. ઈટાલી માટે જસ્ટિન મોસ્કાએ ૪૪ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે અણનમ ૬૦ રન બનાવ્યા. ભાઈ, એન્થોની મોસ્કાએ પણ ૩૨ બોલમાં છ છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૬૨ રનનું યોગદાન આપ્યું.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પોતાની પહેલી મેચમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કરનાર નેપાળ, ઈટાલી સામે ખરાબ રીતે નિષ્ફળ ગઈ. ખાસ કરીને મધ્યમ ક્રમ સૌથી મોટી નિરાશા હતી.

### વિજય માલ્યાને હાઈકોર્ટનું છેલ્લું અલ્ટિમેટમ

# વિજય માલ્યા ભારત આવશે ત્યારે જ સુનાવણી હાથ ધરાશે : કોર્ટ

## કોર્ટે કડક શબ્દોમાં માલ્યાને ચેતવણી આપવાની સાથે તેના વકીલને પણ અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨

બોમ્બે હાઈકોર્ટમાં આજે (૧૨ ફેબ્રુઆરી) ભાગેડુ વિજય માલ્યા વિરુદ્ધની બે અરજીઓ પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન કોર્ટે કડક શબ્દોમાં માલ્યાને ચેતવણી આપવાની સાથે તેના વકીલને પણ અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ વિજય માલ્યાને મોટો ઝટકો આપતાં આકરા શબ્દોમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'જ્યારે વિજય માલ્યા ભારત આવશે ત્યારે જ તેના વિરુદ્ધની અરજીઓ પણ સુનાવણી હાથ ધરાશે.

કોઈપણ વ્યક્તિ કાયદાકીય કાર્યવાહીથી બચવાનો પ્રયાસ કરીને ભારતીય કોર્ટ પાસેથી રાહતની આશા ન રાખી શકે.'

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરની બેંચે માલ્યાના વકીલને કહ્યું કે, 'તમારે પરત આવવું જ પડશે. જો તમે પરત આવી શકતા નથી, તો અમે આ અરજી પણ સુનાવણી ન કરી શકીએ.' કોર્ટે માલ્યાને ચેતવણી આપી છે કે, તે દેશની બહાર રહીને કાયદાકીય પ્રક્રિયાનો લાભ ન ઉઠાવી શકે. કોર્ટે માલ્યાને ૧૮ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે અને તેના વકીલને કહ્યું છે કે, તે ભારત પરત આવવા તૈયાર છે કે નહીં.

૭૦ વર્ષના લિકર બિઝનેસમેન વિજય માલ્યાએ બોમ્બે હાઈકોર્ટમાં બે અરજી દાખલ કરી છે. તેણે પ્રથમ અરજીમાં પોતાને 'ભાગેડુ આર્થિક ગુનેગાર' જાહેર કરવાના આદેશને પડકાર્યો છે. જ્યારે બીજી અરજીમાં ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ, ૨૦૧૮ની બંધારણીય માન્યતા પર સવાલ ઉઠાવ્યા છે.

કોર્ટે માલ્યાને સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો છે, જેમાં તેણે માહિતી આપવી પડશે કે, તે ભારત ક્યારે આવી રહ્યો છે. માલ્યાના વકીલ અમિત દેસાઈએ જૂના કેસોના આધાર પર દલીલ કરી છે કે, માલ્યાને શારીરિક તકલીફ હોવાથી તેના વગર પણ સુનાવણી થઈ શકે છે. ત્યારે કોર્ટે તે માનવાનો ઈનકાર કરી દીધો છે. બીજી તરફ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીનો વિરોધ કરીને કહ્યું કે, જ્યારે માલ્યાને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો, ત્યારે તેણે આ કાયદાને પડકાર ફેંક્યો છે. સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, હાલ અરજીને ફગાવતા નથી, પરંતુ માલ્યાને વધુ એક તક આપી રહ્યા છે. અમે માલ્યા કોર્ટની પ્રક્રિયાથી બચી રહ્યો હોવાનું રેકોર્ડ પર નોંધી શકીએ છીએ. કોર્ટે તમામ પક્ષકારોની દલીલ સાંભળ્યા બાદ હવે આગામી સુનાવણી ૧૮મી ફેબ્રુઆરીએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

### T20 વર્લ્ડકપમાં પાકિસ્તાનની ટીમનો નવો વિવાદ!

# બોલર ઉસ્માન તારિક પર લાગ્યા ગંભીર આરોપ

## ઉસ્માન તારિક પોતાની અનોખી સ્ટોપ એન્ડ પોઝ સાઈડ-આર્મ એક્શનના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

પાકિસ્તાનનો ઓફ સ્પિનર ઉસ્માન તારિક પોતાની અનોખી સ્ટોપ એન્ડ પોઝ સાઈડ-આર્મ એક્શનના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભારતના દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ તેની બોલિંગ એક્શનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. તારિકે અત્યાર સુધીમાં ૪૨ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૧ વિકેટ ઝડપી છે.

પ્રોફેશનલ T20 કરિયરમાં તેણે ૪૨ મેચોમાં ૭૦ વિકેટ ખેરવી છે, જે એક શાનદાર રેકોર્ડ છે. તે કોલંબોના ધીમા પ્રેમદાસા ટ્રેક પર આક્રમક ભારતીય બેટ્સમેન સામે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

પાકિસ્તાન તેનો વધુ ઉપયોગ કરી રહ્યું છે પરંતુ મિલિંદ કુમાર જેવા અમેરિકન બેટ્સમેન તેના બોલ સામે અસ્વસ્થતા અનુભવતા હતા. તારિક પોતાની અનોખી એક્શન અને લયમાં કોઈ સ્પષ્ટ ફેરફાર કર્યા વિના ગતિમાં ફેરફાર સાથે સતત અસરકારક રહ્યો. રવિવારે કોલંબોમાં ભારત-પાકિસ્તાન મેચ પહેલા તારિક ક્રિકેટ જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસને બોલિંગ કરતી વખતે તેના રોકાવાના (પોઝ)ને ગેરકાયદેસર ગણાવ્યો છે, જ્યારે અશ્વિનનો મત અલગ છે. અશ્વિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું સૌથી પહેલા સ્પષ્ટતા કરું છું. તેના એક્શનની કાયદેસરતાની તપાસ માત્ર ICCના બોલિંગ એક્શન ટેસ્ટિંગ સેન્ટરમાં જ થઈ શકે છે.

તેણે આગળ લખ્યું કે, ૧૫ ડિગ્રીનો નિયમ છે જેના હેઠળ બોલરોને પોતાની કોણીને નિર્ધારિત મર્યાદાથી વધુ સીધી ન કરવી જોઈએ.

મેદાન પરના અમ્પાયર માટે બોલર ૧૫ ડિગ્રીની અંદર બોલિંગ કરી રહ્યો છે કે નહીં તે નક્કી કરવું લગભગ અશક્ય છે. તેનો ઉકેસ રીયલ-ટાઈમ ટેસ્ટિંગ ટૂલ છે. આ એક ગ્રે એરિયા છે અને કોઈને તેનો ફાયદો ઉઠાવવા માટે દોષ આપવો ખોટું છે.

જોકે, અશ્વિન તેને ગેરકાયદેસર નથી માનતો કે કોઈ તેનો ફાયદો ઉઠાવી રહ્યું છે. કેટલાક લોકોનું માનવું છે કે, તારિક બોલિંગ એક બેટ્સમેનના ટ્રિગર મૂવમેન્ટ પૂર્ણ કરવા અને શોટ માટે અંતિમ સ્થાન પર પહોંચવાની રાહ જુએ છે અને પછી દ બોલ ફેંકે છે, પરંતુ અશ્વિનના મતે તે સંપૂર્ણપણે કાયદેસર છે. અશ્વિને કહ્યું કે, જો ક્રીઝ પર પોઝ ની વાત છે તો મારું માનવું છે કે તે સંપૂર્ણપણે કાયદેસર છે, કારણ કે તે તેની નિયમિત એક્શન છે.

દક્ષિણ આફ્રિકાની ટીમના પૂર્વ પ્રદર્શન વિશ્લેષક પ્રસન્ના અઘોરમે પણ કહ્યું કે, તારિક ચકિંગ નથી કરી રહ્યો. તેણે ઈમરાન તાહિર જેવા ટોચના સ્પિનરો સાથે કામ કર્યું છે. તેણે ઠ પર લખ્યું કે, ટેકનિકલી તારિક ચકિંગ નથી કરી રહ્યો. તેની એક્શનને પહેલા જ બે વાર લીલ ઝંડી મળી ચૂકી છે. જો તેને ફરીથી બોલાવવામાં આવે છે તો તેની એક્શન સાચી નીકળશે. આશા છે કે, આ ખાસ પ્રતિભા વિશે સ્વસ્થ ચર્ચા થશે.

પૂર્વ ભારતીય ઓપનર અને કોમેન્ટેટર આકાશ ચોપરાએ પણ બોલરના રોકાવા પર સવાલ ન ઉઠાવ્યો, પરંતુ એક ટેકનિકલ સવાલ ચોક્કસ પૂછ્યો છે. તેમણે લખ્યું કે, મને લાગે છે કે પોઝ બિલકુલ ઠીક છે, પરંતુ મારો એક સવાલ છે કે, જો રન-અપ થી કોઈ મોમેન્ટ નથી બની રહ્યો તો શું હાથ ફેરવ્યા વિના કેટલાક બોલ પર ૨૦-૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ગતિ વધારવી શક્ય છે?

# કિમ જોંગ ઉને ૧૩ વર્ષની પુત્રીને બનાવી ઉત્તરાધિકારી

## ઉત્તર કોરિયાના તાનાશાહ અને સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને પોતાના ઉત્તરાધિકારીના નામની જાહેરાત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર કોરિયા,

ઉત્તર કોરિયાના તાનાશાહ અને સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને પોતાના ઉત્તરાધિકારીના નામની જાહેરાત કરી છે. ઉત્તર કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ (NIS)એ કહ્યું છે કે, સર્વોચ્ચ નેતાએ પોતાની લગભગ ૧૩ વર્ષની પુત્રી 'કિમ જૂ-એ'ને પોતાના ઉત્તરાધિકારી બનાવવાની જાહેરાત કરી છે. છેલ્લા ઘણા સમયથી કિમ જૂ-એ પિતા સાથે અનેક મોટા કાર્યક્રમોમાં જોવા મળી છે.

કિમ જોંગ ઉન તાજેતરમાં જ ચીનના બેઈજિંગની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમની સાથે પુત્રિ જૂ પણ જોવા મળી હતી. NISએ અનેક ઉદાહરણોનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, દેશમાં મિસાઈલ પરિક્ષણ અને સૈન્ય પરેડ સહિતના સત્તાવાર કાર્યક્રમોમાં કિમ જૂની સતત હાજરી વધી છે.

ઉત્તર કોરિયામાં ઉત્તરાધિકારી તરીકે મહિલાની પસંદગીથી ઈતિહાસ રચાયો છે. કારણ કે અત્યાર સુધીમાં માત્ર પુરુષની જ પસંદગી થતી હતી. દર પાંચ વર્ષની જેમ આ મહિનાના અંતે નોર્થ કોરિયાના પાર્ટી કોંગ્રેસનો સૌથી મોટો રાજકીય કાર્યક્રમ યોજાવાનો છે, જેના કિમ જૂ ભાગ લેશે કે નહીં, તેના પર સૌની નજર છે.

મીડિયા રિપોર્ટ મુજબ, કિમ જૂ-એનો જન્મ ૨૦૧૦માં થયો છે. ઉત્તર કોરિયાએ સત્તાવાર રીતે કિમ જૂની ઉંમર જાહેર કરી નથી. કારણ કે નાગરિકોને ક્યારેક જ શાસક પરિવારની માહિતી આપવામાં આવે છે. કિમ માત્ર દેશમાં જ નહીં, વિદેશના અનેક કાર્યક્રમોમાં જોવા મળી છે. કિમ જૂ સપ્ટેમ્બરમાં પિતા સાથે ચીન ગયા બાદ વધુ ચર્ચામાં આવી છે. ઉત્તર કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસનો દાવો છે કે, કિમ જૂ-એ કોઈ શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કર્યો નથી, પરંતુ તેણે પ્યોંગયાંગમાં પોતાના ઘરે જ શિક્ષણ મેળવ્યું છે.

રાજુ કરપડાના આક્ષેપો પર છઈ નેતા ઈસુદાન ગઢવીએ આપ્યો મજબૂત જવાબ

# અમે નરેન્દ્ર મોદીને અને અમિત શાહને ચેલેન્જ કરીએ છીએ માટે AAPમાં રહેવું સહેલું નથી: ઈસુદાન ગઢવી

અમદાવાદ,

રાજુ કરપડાના આક્ષેપો અંગે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ પાંચ વર્ષ આમ આદમી પાર્ટીમાં કામ કર્યું છે, તેના માટે અમે તેમનો આભાર માનીએ છીએ. આમ આદમી પાર્ટી સંઘર્ષનો માર્ગ અપનાવતી પાર્ટી છે. અમારી સાથે જોડાયેલા મોટાભાગના લોકો સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવે છે. અમે કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓને ખુલ્લેઆમ પડકારીએ છીએ, તેથી આમ આદમી પાર્ટીમાં કાર્ય કરવું સરળ નથી. ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે જ્યારે કોઈ નેતા જનહિતના મુદ્દે અવાજ ઉઠાવે છે ત્યારે તેને ડરાવવાની, ખોટા કેસોમાં ફસાવવાની અને જેલમાં મોકલવાની કોશિશ કરવામાં આવે છે. અગાઉ પણ અનેક નેતાઓને જેલમાં નાખવામાં આવ્યા છે અને દબાણ કરવામાં આવ્યું છે. રાજુભાઈ ઉપર પણ વિવિધ કેસો હતા અને ભાજપ દ્વારા દબાણ કરવામાં આવ્યું હોય તેવી શંકા નકારી શકાય નહીં.છઈ નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે હડદડ અને કડદા કાંડ પછી રાજ્યમાં ભારે જનમાહોલ ઊભો થયો હતો. ખેડૂતો અને નાગરિકો પર થયેલા અત્યાચારને કારણે સરકાર સામે અસંતોષ વધ્યો હતો. આવા સમયે આંદોલનને નબળું પાડવા માટે નેતાઓને તોડવાની કોશિશ થવી સ્વાભાવિક છે. પાટીદાર અનામત આંદોલન દરમિયાન હાર્દિક પટેલ હીરો બની ગયા, પરંતુ ભાજપમાં લઈને ભાજપે હાર્દિક પટેલનું કરિયર ખતમ કરી નાખ્યું.રાજુભાઈ સારા અને હિંમતવાન વ્યક્તિ છે, પરંતુ કદાચ કોઈ મજબૂરીને કારણે તેમણે પાર્ટી છોડી હોય. ખેડૂતોને સંદેશ આપતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે તેમની લડાઈ અટકવાની નથી. કોઈ પણ પ્રકારની ભયભાવનામાં આવવાની જરૂર નથી. "ટાઈગર હજી જિંદા છે." એક નેતા દૂર જાય તો પણ આંદોલન નબળું નહીં પડે. આગામી સમયમાં નવા નેતાઓ ઉભા કરવામાં આવશે અને ભાજપ સામે મજબૂત લડત ચાલુ રહેશે. આંદોલન તોડવું અને નેતાઓને પોતાના પક્ષમાં લઈ જઈ નબળા પાડવું ભાજપની જૂની રીત રહી છે. આમ આદમી પાર્ટીએ રાજુ કરપડા અને અન્ય ખેડૂત નેતાઓના સમર્થનમાં રાજ્યભરમાં મોટી સભાઓ અને મિટિંગો યોજી હતી સુરેન્દ્રનગરમાં આશરે ૫૦,૦૦૦ લોકોની વિશાળ સભા યોજાઈ હતી,ગામડાઓમાં હજારો મિટિંગો યોજાઈ હતી,ખેડૂત સમર્થન માટે સહી અભિયાન ચલાવવામાં આવ્યું હતુ, કાનૂની લડત માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી વકીલોની ટીમ સક્રિય રાખવામાં આવી હતી, રાજુભાઈના પરિવારજનોને વ્યક્તિગત મુલાકાત લઈને સહકાર આપવામાં આવ્યો હતો.આજે કદાચ રાજુભાઈને ભાજપે સ્ક્રીપ્ટ લખી આપી હશે. પાર્ટી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો અને કોઈ કમી રાખવામાં આવી નહોતી. ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કર્યું કે આમ આદમી પાર્ટી સત્તા માટે નહીં પરંતુ ખેડૂતો, ગરીબો અને વંચિતોના હિત માટે રાજનીતિ કરે છે. જો સરકાર ખરેખર જનહિતના કામ કરે તો તેઓ રાજનીતિ છોડી દેવા તૈયાર છે. પરંતુ જ્યાં સુધી અન્યાય, ભ્રષ્ટાચાર અને દબાણની રાજનીતિ ચાલુ રહેશે ત્યાં સુધી આમ આદમી પાર્ટી સંઘર્ષ વધુ મજબૂત બનાવશે.ટ્રેડ ડિલ મુદ્દે વાત કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ટ્રમ્પની સામે ઝુકીને જે ટ્રેડ ડીલ કરવામાં આવી છે, તેની સામે છઈ સડકથી લઈને વિધાનસભા સુધી આંદોલન ચલાવશે.



# સેવાલિયામાં સ્વામિનારાયણ મંદિર બહારથી મહિલાનો મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા,

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સેવાલિયા ગામમાં આજે વહેલી સવારે સ્વામિનારાયણ મંદિર પાસે એક મહિલાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ૩૩ વર્ષીય મહિલાની હત્યા કરીને મૃતદેહને રોડ પર ફેંકી દેવામાં આવી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

મૃતક મહિલાની ઓળખ પૂજાબેન પટેલ (ઉંમર વર્ષ ૩૩) તરીકે થઈ છે. ઘટનાની મળતી માહિતી અનુસાર, પૂજાબેનના પતિ વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવે છે. શંકાસ્પદ હાલતમાં પૂજાબેનનો મૃતદેહ જાહેર રસ્તા પર મંદિરની બહાર મળી આવતા પરિવારે હત્યાનો આક્ષેપ કર્યો છે. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.સેવાલિયા પોલીસ દ્વારા ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો મેળવ્યો હતો અને તેને પોસ્ટ મોર્ટમ (PM) માટે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને આ મામલો હત્યાનો હોવાનું જણાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે આ કેસમાં શંકાના આધારે એક વ્યક્તિને નજરકેદ કરી પૂછપરછ શરૂ કરી દીધી છે. પૂજાબેનની હત્યા કયા કારણોસર કરવામાં આવી અને શું આમાં કોઈ અંગત અદાવત કે અન્ય કોઈ ભેદ છુપાયેલો છે, તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા આસપાસના CCTV ફૂટેજ અને મોબાઈલ લોકેશનના આધારે પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# કલોલમાંથી એનઆઈએનો નકલી પીએસઆઈ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગાંધીનગરના કલોલમાંથી એનઆઈએનો નકલી પીએસઆઈ ઝડપાયો છે. આ નકલી પીઆઈ સીધો કલોલ ડીવાયએસપી કચેરીએ પહોંચ્યો હતો. તેણે એનઆઈએના પીએસઆઈ તરીકે ઓળખ આપીને રૌફ જમાવ્યો હતો.નકલી આઈકાર્ડ બતાવીને ડીવાયએસપીને મળવાનું કહ્યું હતું. આઈ કાર્ડ પર શંકા જતાં જ તેનો ભાંડો ફૂટ્યો હતો. નકલી પીએસઆઈ ગુંજન કાંટીચાની પૂછપરછ કરવામાં આવી છે. અગાઉ તેની સોલા પોલીસે પણ ધરપકડ કરી હતી. નકલી પીસએઆઈની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગાંધીનગરના કલોલમાં નકલી PSI બની રોફ જમાવવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગુંજન કાંટીચા નામનો વ્યક્તિ NIAમાં PSI તરીકે પોતાની ઓળખ આપીને સીધો કલોલ DySP કચેરી પહોંચ્યો હતો. તેણે અધિકારીઓને મળવા માટે દબાણ પણ કર્યું હતું. આરોપીએ પોતાનું નકલી I-Card રજૂ કરીને DySP ને મળવાની માંગણી કરી હતી. જોકે, I-Cardમાં શંકાસ્પદ વિગતો દેખાતા કચેરીના સ્ટાફે તેની ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઓળખપત્ર નકલી હોવાનું સામે આવતા આખો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે તરત જ ગુંજન કાંટીચાને લઈ પુછપરછ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આરોપી અગાઉ પણ આવી જ હરકતો કરી ચૂક્યો છે અને સોલા પોલીસે તેની અગાઉ ધરપકડ કરી હતી.

# AAPની કામની રાજનીતિથી પ્રેરાઈને સામાજિક અને રાજકીય આગેવાનો પાર્ટીમાં જોડાયા

અમદાવાદ,

આજે સુરત ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં ખૂબ જ મોટી સંખ્યામાં સામાજિક અને રાજકીય આગેવાનો ટોપી અને ખેસ પહેરીને વિધિવત આમ આદમી પાર્ટીમાં જોડાયા. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની સાથે સાથે શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી અને પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક સહિત આમ આદમી પાર્ટીના આગેવાનોની ઉપસ્થિતિમાં આ તમામ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ મહત્વપૂર્ણ અવસર પર આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી સામાન્ય લોકો માટે એક વિકલ્પ અને આશાનું કિરણ લઈને ઉભરી છે. બીજી બાજુ ભાજપનું એકચક્રી શાસન છે, ભાજપે તમામ સંસ્થાઓને ગુલામ બનાવી અને તમામ ચૂંટણીમાં ગડબડ કરીને સત્તા ટકાવી રાખી છે. એની સામે આજે કેટલાક મુઠ્ઠીભર લોકો આ તાનાશાહી સામે લડી રહ્યા છે અને આજે આમ આદમી પાર્ટી ગુજરાતના લોકોની પહેલી પસંદ બની છે. મને જણાવતા ખુશી થાય છે કે પોતાનો રાજકીય અનુભવ લઈને આજે ઘણા આગેવાનો ગુજરાતના યુવાનોને માર્ગદર્શન પૂરું પાડવા તથા ભાજપની સામે લડવા માટે આમ આદમી પાર્ટીમાં જોડાતા હોય તો એ આમ આદમી પાર્ટી માટે ખૂબ જ ગર્વ કરવાની બાબત હોય છે. અમારા માટે ખાસ ગર્વની વાત એ છે કે આજે ફિરોઝભાઈ મલેક જેઓ સુરતના જાણીતા સામાજિક કાર્યકર છે, તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. એમના એકતા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળમાં સુરત શહેરની જે સેવા કરવામાં આવી એને આપણે સૌ જાણીએ છીએ. ફિરોઝભાઈ મલેક કોંગ્રેસમાં વર્ષોથી પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે, વિદ્યાર્થીકાળથી તેઓ કોંગ્રેસના અનેક અલગ અલગ પદો પર રહી ચૂક્યા છે અને પ્રદેશમાં પણ પોતાની સેવા આપી ચૂક્યા છે. અને આજે કોંગ્રેસની કંઈ પણ કામ ન કરવાની નીતિથી નારાજ થઈને ફિરોઝભાઈ મલેક આમ આદમી પાર્ટીને માર્ગદર્શન આપવા અને નેતૃત્વ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. વધુમાં, પ્રદેશ નેતા મનોજ સોરઠીયા જણાવ્યું હતું કે, આ સિવાય દલિત સમાજના મોટા આગેવાન કિરીટભાઈ વાઘેલા આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. તેઓ પણ કોંગ્રેસમાં અલગ અલગ પદો પર ખૂબ સારી સેવા આપી છે, આજે પણ તેઓ કર્મચારીઓના અધિકારો માટે સતત લડત લડતા હોય છે. આ સિવાય મજબૂતીથી અવાજ



ઉઠાવનાર અને સામાજિક કાર્યકર્તા તથા કોંગ્રેસમાં ૩૫ વર્ષથી વધારે સમયથી સેવા આપનાર સલીમભાઈ ઘડિયાલી પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસના અલગ અલગ પદો પર સેવા આપનાર સાજીદ ભાઈ જમાદાર પણ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. સાથે સાથે ઓબીસી સમાજના મોટા નેતા, કોંગ્રેસમાં મોટા હોદ્દા ઉપર જવાબદારી તથા સુરત કોંગ્રેસ પ્રવક્તા કલ્પેશભાઈ બારોટ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. સામાજિક કાર્યકર સાજીદભાઈ શાહ પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસના ઉપપ્રમુખ અને બીજા અનેક મુદ્દાઓ પર જવાબદારી નિભાવનાર આરીફભાઈ શાહ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસમાં મહિલા મોરચાના અનેક પદો પર જવાબદારી નિભાવનાર તથા મહારાષ્ટ્રીયન દલિત સમાજના મીરાબેન બાવીસકર આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. યુવા કોંગ્રેસના પદાધિકારી તરીકે ફરજ નિભાવનાર અનસભાઈ મલિક આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. કોંગ્રેસના આગેવાન મીરલભાઈ નકસીઘરા આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. સિવાય કોંગ્રેસના મહામંત્રી અને સામાજિક કાર્યકર્તા તરીકે સેવા આપનાર સમીરભાઈ શેખ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ તમામ આગેવાનોને ટોપી અને ખેસ પહેરાવીને વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડ્યા હતા અને ત્યારબાદ પ્રદેશ નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં કોંગ્રેસના નિષ્ઠાવાન આગેવાનો અને કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે, આ તમામ આગેવાનો અને કાર્યકર્તાઓનું હું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કરું છું. હું બાહેંધરી કરી આપું છું કે આ લડાઈ લોકોની લડાઈ છે એમાં તમામ લોકો સાથે મળીને ખભેથી ખભો મિલાવીને સ્થાનિક સ્વરાજની મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સરકાર બને અને સુરતના લોકો ઝંખતા હોય એવું નવું સુરત બનાવવાનું કામ અમે કરીશું. ભાજપે સુરતમાં જો કોઈ કામ કર્યું હોય તો લોકોને લૂંટવાનું કામ કર્યું છે. બ્રિજ બનાવવા જેવા અનેક સરકારી કામો અને યોજનાઓમાં ખુલ્લેઆમ આપણે ભ્રષ્ટાચાર જોઈ રહ્યા છીએ. સુરતમાં ગલી ગલીએ દારૂ અને ડ્રગ્સના અડ્ડાઓ ચાલે છે. સુરતમાં બાપ બેટાની જે સરકાર ચાલે છે, તેમાં બાપા નેતા હોય અને દીકરાઓ લૂંટવાનું કામ કરતા હોય, એની સામે અમે તમામ લોકો સાથે મળીને લડીશું અને આવનારી ચૂંટણીઓમાં ખૂબ જ સારા પરિણામો આવશે એવી મને આશા છે.